

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

### સલામી સવારની..

*ગુજરાતની આબરૂ પર સટ્ટો લગાડી દીધો !*
*'રાજપાલ' પદ-ગૌરવને પટ્ટો લગાવી દીધો !*
*દટ્ટો લગાવી દીધો 'ઔદાર્ય'ને સત્તાની ભૂખથી*
*સરદાર-ગાંધીના નામને બટ્ટો લગાડી દીધો !*

### હાઈકુ

*લાગ્યું લાંછન,*
*બંધારણીય પદે -*
*પાલતુ શ્વાન !*

*નભાવ્યો ધર્મ -*
*અંગારા પર ચાલી -*
*ધન્ય સુપ્રીમ...*

### ચિંતન

*દુર્જનવચના ગરૈગ્ધોઽપિ ન વિપ્રિયં વદત્યાર્યઃ ।*
*અગુરુરપિ દહ્યમાનઃ સ્વભાવગન્ધં પરત્યજતિ કિં નુ ॥*

**ઉપરોક્ત શ્લોક સુભાષિત રત્નભાંડાગારમાંથી લેવામાં આવેલ છે.**

**અગુરુ પોતાની જાતે બળી રહેલ હોય છે, છતાં પણ તે પોતાની સ્વભાવિક ગંધને શું છોડી દે છે ? ના, બળને પણ સુવાસ આપે છે, એ રીતે દુષ્ટ જનોના વચનોના અંગારાથી બળતો હોવા છતાં સત્પુરુષ ક્યારેય અપ્રિય અને ભૂડું બોલતો નથી.**

**સારી જાતને ધૂપની અગરબત્તી જાતે બળી કલાકો સુધી વાતાવરણમાં પોતાની મહેક મૂકી જાય છે. આ 'અગર' નો ધૂપ-પાઉડર જાતે બળીને પોતાની સુવાસ ફેલાવે છે.**

**સંત-સજ્જન લોકો આવા 'અગર' જેવા હોય છે જાતે ઘસાઈ - બળી પોતાની સુવાસ સમાજમાં મૂકી જાય છે.**

### સુવિચાર

- સફળ થવું હોય તો તમારે શું નથી જોઈતું એ નક્કી કરી લો એટલે તમને આપોઆપ ખ્યાલ આવી જશે કે જીવનમાં તમે શું ઈચ્છો છો - **ઈશિતા**
- સફળતા એવા માણસોને મળે છે, જે એટલાં કામમાં મશગુલ હોય છે કે સફળતા શોધવા નથી જતાં - **હેન્રી થોરો**
- મન કા ભ્રમ, મન હી થૈ ભાગા, સહજ રૂપ હરી ખેલણ લાગા - **કબીર**
- લગામ હંમેશા ઘોડા ને જ દેખાય છે, ગધેડાને નહીં - **અમૃતબિંદુ**
- કલહ જીવનને ઉજ્જડ બનાવે છે, સુલેહ જીવનને ઉજ્જવળ બનાવે છે - **સ્નેહા પટેલ**
- પહેલાનું જીવન મૌનથી ચાલતું આજનું જીવન લોનથી ચાલે છે - **ધર્મલોક**
- આજનું ઔષધ : વડની છાલના ઉકાળાથી સ્નાન કરવાથી દાદ, ખસ, ખરજવામાં રાહત થાય છે

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

સંતને એમના સાધકે કહ્યું, 'હું કાયમ ભગવાનનું નામ મનમાં જપ્યા કરું છું, છતાં મનમાં ભોગવિલાસના વિચારો આવ્યા જ કરે છે, ઈશ્વરમાં ધ્યાન લાગતું નથી. કંઈક નિરાકરણ બતાવો.'

સંતે એક વાર્તા કહી. એક વાર એક માણસે કૂતરો પાળ્યો હતો, કૂતરો સતત એની સાથે જ રહેતો બંનેને એક બીજા માટે ખૂબ માયા જણાતી હતી.એક વાર એક ગામના વૃદ્ધ વ્યક્તિએ મને કહ્યું કે કૂતરા સાથે આટલો બધો ગાઢ સંબંધ રાખવો બરાબર નથી. છેવટે તો એ જાનવર છે કોકવાર એ એના સ્વભાવ પર જાય એનું કંઈ નક્કી નહીં. તને પણ કોઈક વાર બચકું ભરી લેશે.

પેલા માણસના મનમાં આ સલાહ ઊતરી ગઈ. એણે કૂતરાથી દૂર રહેવાનું નક્કી કર્યું. પણ કૂતરો કંઈ એમ પોતાની વફાદારી સહેલાઈથી છોડે એમ ન હતું, આખો વખત એના માલિક પાસે દોડી જતો. એના ખોળામાં બેસી જતો.

માલિક તો એને ડંડો ઉગામી નસાડી દેતો પણ કૂતરો એની વફાદારી છોડતો ન હતો. બે મહિના આવું ચાલ્યું પછી ધીમે ધીમે કૂતરો પોતાની ટેવ ભૂલી ગયો.

સંતે પોતાની વાત પૂરી કરતાં કહ્યું, 'ભાઈ તમારી પણ પરિસ્થિતિ કંઈક આવી છે. સાંસારિક ભોગવિલાસની આદતો તમે છોડતાં નથી. એ છોડવા માટે ધીમે-ધીમે નિર્લેપ બની જઈને તમારે પોતાની જાતને દૂર રાખવી પડશે,' જયાં સુધી તમારું મનોબળ દઢ ન થાય ત્યાં સુધી ખોટી આદતોથી તને છૂટકારો નહીં મળે, મનની એકાગ્રતા વધે તો સાંસારિક બાબતો વહેલી તકે ભૂલી શકાય છે.' સાધકે સંતને નમન કર્યા.

# કર્ણાટકમાંથી ઘણું શીખવું પડશે

**તંત્રીસ્થાનેથી...**

વડાપ્રધાન નરેન્દ્ર મોદીને આજકાલ કોંગ્રેસ કરતાં પણ વધારે ખુન્નસ સર્વોચ્ચ અદાલત પર હશે. જો સર્વોચ્ચ અદાલતની બેંચ દ્વારા કર્ણાટકના રાજયપાલ વજુભાઈ વાળાના નિર્ણયને રાજકીય હેતુસર પ્રેરિત ગણી એમને યેદિયુરપ્પાને વિધાનસભા ગૃહમાં બહુમતી પુરવાર કરવા માટે અપાયેલ પંદર દિવસના સમયગાળાને રદ બાતલ ન ઠેરવાયો હોય તો ભાજપ રંગેચંગે વિશ્વાસ મત જીતી ગયું હોત - કોંગ્રેસ - જેડી(એસ) ના કેટલાક ધારાસભ્યોને શામ, દામ, દંડ, ભેડની એમની ચાણક્યનીતિ દ્વારા કાં તો પોતાની તરફેણમાં લાવી દીધા હોત અથવા ગૃહમાં ગેરહાજરી રાખી સાદી બહુમતી સિદ્ધ કરી દીધી હોત. બહુ જ નામોશીભરી સ્થિતિમાં વરાયેલા મુખ્યમંત્રીને ગૃહનો સામનો કર્યા પહેલાં જ રાજીનામું આવી દેવું પડ્યું છે. જો સમયસર કોંગ્રેસ - જેડી(એસ) ગઠબંધનના કર્ણધારોએ એમના ધારાસભ્યોને ખસેડી ન દીધા હોય તો પણ ઘોડાઓ તબેલો છોડીને ભાગ્યા હોત. આખરે રાજકારણીઓને મૂલ્યો જેવું તો કશું હોતું જ નથી તે સર્વવિદિત છે. મોદી-શાહ-યેદિયુરપ્પાની ત્રિપુટીને અદાલતે એની હૅસિયત બતાવી દીધી. બધાને ખબર હતી કે ભાજપ મોટા પક્ષ તરીકે ચૂંટાઈ આવ્યો હોવા છતાં એની પાસે જરૂરી બહુમતી નહોતી - પરંતુ એ 'મેનેજ' કરી દેવાશે એવા અતિ આત્મવિશ્વાસમાં એમણે બિચારા રાજયપાલને હાંસીપાત્ર બનાવી દીધા. આમાં કોંગ્રેજ - જેડી(એસ) ના વિજય કરતાં સૌને આપણા ન્યાયતંત્રના જ વિજયનો અહેસાસ થવો જોઈએ. જો કે ન્યાયતંત્રમાં પણ ખુદ મુખ્ય ન્યાયાધીશ શંકાના ઘેરામાં આવી ચૂકેલ છે છતાં બધા ન્યાયાધીશો 'દીપક મિશ્રા' નથી તે આ કિસ્સામાં પુરવાર થયું છે. રાજયપાલની બંધારણીય ફરજ અદા કરવામાં વજુભાઈ વાળાએ બેદરકારી બલકે સ્પષ્ટ રીતે પાર્ટી તરફની એમની વફાદારીનો જ પરિચય આપીને રાજયપાલની ગરિમાને તળિયે બેસાડી છે. એમને ધારાસભ્યોનાં માથાં ગણવાની - પરેડ કરાવવાની રસમ અજમાવી હોત અને ગઠબંધનના નેતા તરીકે કુમારસ્વામીને સરકાર બનાવવાનું નિમંત્રણ પાઠવ્યું હોત તો એથી લોકતંત્રની અને રાજયપાલના પદની ગરિમા સચવાઈ ગઈ હોત. એટલું જ નહીં, એથી ભાજપની આબરૂ પણ વધી હોત. પોતે સૌથી મોટા પક્ષ તરીકે ચૂંટાઈ આવ્યા છતાં અમારી પાસે જરૂરી એવી સભ્ય સંખ્યા નથી તેથી અમે સ્વેચ્છાએ વિપક્ષમાં બેસવાનું પસંદ કરશું એવું નિવેદન કરીને ભાજપના હાઈકમાંડ ઉપરાંત કર્ણાટકના ભાજપી નેતાઓ પ્રજાની સહાનુભૂતિ તથા પ્રશંસા પ્રાપ્ત કરી શક્યા હોત. ગઠબંધન પોતે જ એક સત્તાલક્ષી વ્યવસ્થા છે, જેની પ્રજાએ નોંધ લીધી હોત. જેડી(એસ) માટે ભાજપની બી-ટીમ જેવા અપમાનજનક શબ્દો વાપરનાર કોંગ્રેસે રાતોરાત સત્તા ટકાવી રાખવા અને ભાજપને સત્તા પર આવતો અટકાવવા પોતાના કરતાં અડધાથી પણ ઓછી બેઠકો લાવનાર સ્થાનિક પક્ષના નેતાને મુખ્યમંત્રી પદ માટે સમર્થન આપ્યું એમાં વળી કઈ નૈતિકતા હતી ? આવું ગઠબંધન ચૂંટણી પૂર્વે થયું હોત તો જુદી વાત હોત. પરંતુ આ તો સત્તા માટેનું સગવડિયું જોડાણ છે. એટલે યેદિયુરપ્પાના રાજીનામાથી કોંગ્રેસે બહુ હરખાઈ જવાની જરૂર નથી. ભાજપ અને જેડી(એસ) બેઉ વચ્ચે અંદરોઅંદર સમજૂતી હતી કે કોંગ્રેસના સિદ્ધરમૈયા ફરી વાર મુખ્યમંત્રી પદે ન પહોંચે. એ સમજૂતીને લીધે જ સિદ્ધરમૈયા ચામુંડેશ્વરીની બેઠક પરથી હારી ગયા અને જેડી(એસ)ના ઍચ. ડી. કુમારસ્વામી એમની બેઉ બેઠકો પર જીતી શક્યા છે. કોંગ્રેસ શું આ નહોતી જાણતી ? વળી મોડે મોડે જેડી (એસ) સાથે ગઠબંધન થયું તો મોટા પક્ષ તરીકે એ પોતાના ઉમેદવારને મુખ્યમંત્રી પદ મળે એવો આગ્રહ કેમ ન રાખી શકી ? આમાં કોંગ્રેસની ગરજ સ્પષ્ટપણે દષ્ટિગોચર થાય છે. કોંગ્રેસ કે જેડી (એસ) નું ગઠબંધન પણ નૈતિકતાની આલબેલ પોકારતું હોય તો એ નર્યું જુઠાણું જ છે. અદાલતની ભાષામાં કહીએ તો એને માત્ર શંકાનો લાભ મળ્યો છે!

# સૂચિત મંડળીના ખેતીની જમીનના વેચાણ વ્યવહારને ગણોતધારા કલમ ૬૩ નો ભંગ ગણાય



**કાયદો અને કાનૂન**
અશ્વિન ત્રિવેદી

ગુજરાત ગણોત વહિવટ અને ખેતીની જમીનના ૧૯૪૮ ના કાયદાની કલમ ૬૩ તથા ૬૫ મુજબ સહકારી મંડળીઓની તરફેણમાં પરવાનગી સીવાય કરવામાં આવેલ ખેતીની જમીનના વેચાણ દસ્તાવેજ રદબાતલ ગણાય તેવું નામદાર ગુજરાત હાઈકોર્ટે સ્પે.સી.એ. નં. ૧૦૪૨/૮૮ ના કેસમાં ચુકાદો આપતા ઠરાવ્યું છે.

પહેલા ગ.ધા. કલમ ૬૪(એ) માંથી મંડળીઓને મુક્તિ આપવામાં આવી હતી પરંતુ મુંબઈ સહકારી મંડળીઓએ તથા તેની તરફેણમાં કરેલ કોઈપણ વેચાણને ગ.ધા.ક. ૬૩ તથા ૬૪ ની જોગવાઈઓ લાગુ પડશે નહિ તેવો ઠરાવ ૧૯૮૭ ના ગુજરાત અધિનિયમ ૨૧ દ્વારા ૨૦/૪/૧૯૮૭ થી કાઢી નાંખવામાં આવતા તે પછી સુચિત સહકારી મંડળીની તરફેણમાં ખેતીની જમીનનું બિનખેડૂત કે સભ્યને થયેલ વેચાણ વ્યવહાર રદબાતલ કૃષિ પંચ અને મામલતદાર દ્વારા ઠરાવી વેચાણ રદબાતલ ઠરવામાં આવતું.

સદર કામે અરજદારે ગાંધીનગર જીલ્લાની ખેડૂતની જમીનનો વેચાણ દસ્તાવેજ સહકારી મંડળીના નામે કરાવી તે લગત નોંધ પડાવતા મામલતદાર અને કૃષિ પંચે ગણોત કેસ ૧૮૮૨ માં ચલાવી મંડળીની નોંધણી ના કરવામાં આવેલ હોવાથી તથા મંડળીના સભ્યો ખેડૂત ખાતેદાર ના હોવા છતાં ખેતીની જમીન મંડળીના નામે ખરીદેલ હોય ગણોત ધારા કલમ ૬૩ તથા ૬૫ નો ભંગ ગણી મંડળીની તરફેણની ખરીદની નોંધ રદબાતલ ઠરાવતા અરજદારે ડેપ્યુટી કલેકટર સમક્ષ અપીલ ગુજારતા ડેપ્યુટી કલેકટરશ્રી ગાંધીનગરનાએ પણ મામલતદાર કૃષિ પંચશ્રીનો હુકમ માન્ય ગણેલ અને અરજદાર તથા મંડળીની તરફેણનો રજીસ્ટર દસ્તાવેજની નોંધ અમાન્ય ઠરાવેલ અને અપીલ રદ કરવા હુકમ કરતા અજદારે ગુજરાત રેવન્યુ ટ્રીવ્યુનલમાં રીવીઝન અરજ ગુજારતા રેવન્યુ ટ્રીવ્યુનલે અરજદારના તરફેણમાં ચુકાદો આપી વેચાણ નોંધ ગ.ધા.કલમ ૬૪(એ) મુજબની માન્ય ગણતો હુકમ કરેલ પરંતુ સૂચિત મંડળીની તરફેણમાં મુળ માલીકોના હોવાથી ટેકનિકલ મત લઈ નીચલી કોર્ટોએ નિર્ણય કરવા જોઈતા હતા તેવું તારણ કરી સૂચિત મંડળીના તરફેણમાં ઠરાવ કરતા સરકારે હુકમથી નારાજ થઈ ગુજરાત હાઈકોર્ટમાં હાલની પીટીશન દાખલ કરી જમીન સરકાર પ્રાપ્ત કરવા દાદ માંગેલ.

નામદાર ગુજરાત હાઈકોર્ટે સદરહુ અપીલમાં એવા તારણ ઉપર આવેલ કે રાજય સરકારની સદરહુ અપીલ મંજુર કરવા પાત્ર છે. જયારે વાત માત્ર વેચાણની હોય ત્યારે નીચલી બન્ને કોર્ટે મામલતદારશ્રી, કૃષિ પંચ અને ડેપ્યુટી કલેકટરએ સાચુ ઠરાવ્યું છે કે સૂચિત મંડળી ખેડૂત ખાતેદાર ના હોય ગ.ધા.ક. ૬૩ તથા ૬૫ પરવાનગી વેચાણ અગાઉ મેળવેલ ના હોય ગ.ધા.ક. ૬૪(એ) નો લાભ મંળવી શકે નહિ તેમજ બીનખેડૂત મંડળીના સભ્યની તરફેણમાં થયેલ વેચાણ ગણોતધારાની જોગવાઈના ભંગ સમાન હોય નીચલી બન્ને કોર્ટના હુકમ યથાયોગ્ય રાખી નામદાર ગુજરાત રેવન્યુ ટ્રીબ્યુનલનો હુકમ રદબાતલ ઠરાવેલે.

નામદાર ગુજરાત હાઈકોર્ટે ઠરાવ્યું કે સૂચિત મંડળીની તરફણેમાં કોઈ વેચાણને મંજુરી આપવાના ધારા ગૃહને નથી જેનું પ્રતિનિધિ ૧૯૫૧ ના મુંબઈ અધિનિયમ દ્વારા ઉમેરવામાં આવેલ હતી તે કલમ ૬૪(એ) પાછલા સુધારા બાદ રદબાતલ ઠરાવેલ હોય મંડળી ગ.ધા. કલમ ૬૪(એ) નો લાભ મેળવી બીન ખેડૂત ખેતીની જમીન સૂચિત મંડળી દ્વારા ખરીદી શકે નહિ.

૧૯૫૧ ના બોમ્બે એટકની કલમ ૧૨ દ્વારા કલમ ૬૪(એ) ઉમેરેલ તે મુજબ કલમ ૬૪(એ) મુંબઈ ગણોત અને ખેતીની જમીન એકટ સહકારી મંડળીઓની તરફેણમાં અથવા તેના દ્વારા વેચાણોને મુક્તિ અંગેની જે જોગવાઈઓ કરેલ તેમાં એ પણ જોગવાઈ કરવમાં આવેલી હતી કે બોમ્બે કો.ઓ. સોસાયટી એકટ ૧૯૨૫ મુજબ સહકારી મંડળીની તરફેણમાં અથવા તેમના દ્વારા અલગ કરવામાં આવેલ વેચાણને ગ.ધા.ક. ૬૩ અથવા ૬૪ નું કોઈ જોગવાઈઓ લાગુ પડશે નહિ તે કલમને હવે ૧૯૮૭ ના ગુજરાત અધિનિયમની

અનુસંધાન પાના નં ૭ પર

# ઈશ્વરની દિવ્ય 'મરજી' એટલે દુનિયા માટેની મંગળ યોજના



**WhatsApp ઓફ ધી વીક**
નેહલ ગઢવી

મારા હોવા વિશેની શંકા તો છે હજુ પણ,
અહેસાસ જિંદગીનો કરાવી દે છે ઈશ્વર
- ડૉ. મુકેશ જોષી

માણસનું ચાલે તો ઈશ્વરને એકવાર અદાલતમાં ઘસડી લાવીને ચોક્કસ પૂછત કે 'માણસના માથે તેં આટલું દુઃખ શાને ખડક્યું ?' માણસને સતત ફરિયાદ છે કે ઈશ્વર તેનું જીવન સતત અન્યાયથી ચલાવે છે. ઈશ્વર છે જ નહિ એમ વર્તનારા ખુશ છે અને મારે કેટકેટલું દુઃખ એ પીડા એને આંખના કણાની માફક ખૂંચ્યા કરે છે. દરેકને એક જ ફરિયાદ છે કે, 'મારા પર જે વિત્યુ એ ભાગ્યે જ અન્ય કોઈ પણ વીત્યું હશે ! શું આ જ છે ઈશ્વરનો ન્યાય ? જો કોઈ સમજુ માણસ આવીને સમજાવવાનો પ્રયત્ન કરે અને આશ્વાસન આપે કે કર્મનાં ફળ મળ્યા વિના ન રહે. આ ભવ નહિ તો આવતે ભવ મળશે ! તો માણસ તરત જ બોલશે કે આ ભવ ન મળે તો ઈશ્વર પર વિશ્વાસ જ કેમ બેસે ?'

માણસને હંમેશા દરેક વસ્તુનો, બાબતનો અને ઘટનાનો હિસાબ જોઈએ, ન્યાય જોઈએ, સરખાપણું જોઈએ. તેને પોતાને સુખ ન મળ્યું એનો અફસોસ ઓછો અને બીજાને ઘણું મળ્યું તેનું દુઃખ વધુ હોય છે. ઈશ્વરના ન્યાયમાં જ તેને દોષ દેખાય છે. પરંતુ, હકીકત તો એ છે કે જે કૃપા કરી શકે એ જ ભગવાન. આપણી લાયકાત વિના આપણા પર દયા કરી શકે એ જ ભગવાન. ઈશ્વર જે કંઈ પણ કરે છે, ન્યાય પ્રમાણે કરે છે. ભગવાન મારા માટે ને બીજાઓ માટે જે કરે કરાવે છે એ ભલે મને સમજાય કે ન સમજાય, રુચે કે ન રુચે, યોગ્ય લાગે કે ન લાગે, પણ તેની ઈચ્છા છે એટલે યોગ્ય છે અને મારે માટે શિરોમાન્ય છે - એ ધર્મનો સાર અને તેની ભારેમાં ભારે સિદ્ધિ છે. ઈશ્વર પાસે હિસાબ માંગી શકાય જ નહિ. ઈશ્વરની ઈચ્છાનએ જ સર્વોપરી માની શરણાગતિ સ્વીકારીએ તો જ સાચો ધર્મ સમજાય, એ જ સાચું સમર્પણ. શ્રી ફાધર વાલેસ બાઈબલની એક માર્મિક વાર્તાને દૃષ્ટાંત રૂપે દર્શાવીને આ વાતને સુંદર રીતે વર્ણવે છે !

'એક જમીનદાર પોતાનાં ખેતરમાં ખેતી કરવા માટે મજૂરો કરવા પરોઢમાં નીકળ્યો. રોજનો એક રૂપિયો આપવાનો ઠરાવીને તેણે મજૂરોને ખેતરમાં મોકલી દીધા. નવેક વાગ્યે તે બહાર ગયો. તો તેણે બીજા માણસોને ચૌટામાં બેકાર ઊભેલા જોયા. તેણે તે લોકોને કહ્યું, 'તમે પર મારા ખેતરમાં જાઓ અને જે યોગ્ય હશે તે તમને આપીશ.' એટલે તેઓ પહોંચી ગયા. વળી તે બાર વાગ્યે અને ત્રણ વાગ્યે પાછો ગયો અને આ જ રીતે મજૂરો કરી લાવ્યો. લગભગ પાંચ વાગ્યે ફરી બહાર ગયો અને બીજા કેટલાક માણસોને બાકર ઊભેલા જોઈ તેણે કહ્યું, 'તમે કેમ આખો દિવસ અહીં આળસુ ઊભા રહો છો ?' તે લોકોએ કહ્યું, 'કારણ એ અમને કામે રાખ્યા નથી.' એટલે તેણે કહ્યું, 'તમે પણ મારા ખેતરમાં જાઓ.'

'સાંજ પડી એટલે જમીનદારે મુકાદમને કહ્યું, 'મજૂરોને બોલાવ, અને છેલ્લાથી માંડીને પહેલા સુધી સૌને મજૂરી ચૂકવી દે.' જે લોકોને સાંજે પાંચ વાગ્યે રાખ્યા હતા તે લોકો આવ્યા એટલે દરેકને એક એક રૂપિયો આપવામાં આવ્યો. જેમને સૌથી પહેલા રાખ્યા હતા તે લોકો આવ્યા ત્યારે તેમને ધાર્યું કે અમને વધારે મળશે. પણ તેમને દરેકને એક એક રૂપિયો જ મળ્યો. એટલે પૈસા લેતાં લેતાં તેઓ જમીનદાર સામે બડબડાટ કરતા રહ્યા, 'આ છેલ્લા આવનારાઓને ફક્ત એક જ કલાક કામ કર્યું, જયારે અમે આખો દિવસ તડકામાં વૈતરું કર્યું છતાં તમે અમને બંનેને સરખા ગણ્યા. પણ તેણે તેઓમાંના એકને કહ્યું, 'ભાઈ, હું તને કશો અન્યાય કરતો નથી; મેં તારી સાથે રોજના રૂપિયાની બોલી નહોતી કરી ? લઈ લે તારા પૈસા અને રસ્તે પડ. આ છેલ્લા આવનારા માણસને પણ તારા જેટલા જ પૈસા આપવાની મારી મરજી છે. મારા પૈસાનું ગમે તે કરવાનો શું મને હક્ક નથી ? હું ઉદાર થાઉં એમાં તું શું કરવા અદેખાઈ કરે ?' આમ છેલ્લા તે પહેલાં ને પહેલાં તે છેલ્લા થશે.'

વિગતો નહીં, અહીં બધા મજૂરોને એક-એક રૂપિયો મળે છે. પણ એનો અર્થ એ નથી કે બધા માણસોને એનો એ જ બદલો મળે છે. જો સવારે બોલાવેલા મજૂરોએ આળસ કરીને ફક્ત એક કલાક કામ કર્યું હોત તો એમને કશું ન મળત. દૃષ્ટાંતનો મુદ્દો તેના છેલ્લા વાક્યમાં આવ છે : 'છેલ્લા તે પહેલાં ને પહેલાં તે છેલ્લા થશે.' આળસનો નહિ પણ પ્રોત્સાહનનો બોધ છે. તમે જો મોડા જાગ્યા, જો માલિકના ખેતરમાં કામ કરવા નમતે બપોરે આવ્યા, જીવન આળસમાં ને ભોગવિલાસમાં ગયું ને છેલ્લે છેલ્લે જતાં પહેલાં કંઈક પુણ્ય રળવાની ઈચ્છા થઈ પણ શંકા લાગી કે આ વેળા પુણ્ય કયાંથી આવે - તો નિરાશ ન થાઓ, માલિકનું આમંત્રણ સાંભળો, કામે લાગો અને દિવસને અંતે હજી પૂરો રૂપિયો મળશે.

અને ઊલટું પણ.જો તમે વહેલી સવારથી કામ કરતા હતા, જો નાનપણથી જ તમારું જીવન ધર્મની ઓથે વીતતું આવ્યું હતું તો ગર્વ ન રાખો, મદાર ન બાધો. કારણ કે જેમ એ છેલ્લા મજૂરો પહેલા બન્યા તેમ પહેલા પણ છેલ્લા બની શકે છે. ધર્મની સાધનામાં જેમ કોઈ પણ માણસ જોખમ વિના નથી, તેમ કોઈ પણ માણસ આશા વિના પણ નથી. ઘણાં વર્ષનો સાધક ભ્રષ્ટ બની શકે, અને રીઢો ગુનેગાર ઉદ્ધાર પામી શકે. માટે વહેલા આવનારા અભિમાન ન કરે અને મોડા આવનારા નિરાશ ન થાય.

● ● ●

કામ કરનારા બધાને જ યોગ્ય વળતર મળશે. સારું જીવન જીવવા પોતપોતાની રીતે પ્રયત્ન કરનાર સૌને પણ યોગ્ય બદલો મળશે. માલિકનું આમંત્રણ મળે ત્યારે જો માણસ તરત ઊઠે, જાય, કામ કરે તો જીવનની સાંજ પડ્યે એને રૂપિયો મળશે - મોક્ષનો રૂપિયો મળશે. નિરાશાને સ્થાન નથી. અભિમાનને પણ અવકાશ નથી. આળસનો પ્રતિબંધ, અને ઘમંડ રાખવાનો નિષેધ. પોતે શું કર્યું છે એ જોઈને કોઈએ ફુલાવું નહિં - અને કોઈએ હિંમત હારવી નહિ. ને બધાને માલિકની પાસે જઈને પુણ્યને જોરે કે ન્યાયને આધારે નહિ પણ દયાની આશાથી ને પ્રેમના અધિકારથી ને ભક્તિની ખાતરીથી બદલાની રાહ જોવી.

એ છે ઈશ્વરની દિવ્ય 'મરજી' પરમ પવિત્ર ઈચ્છા, દુનિયા માટેની મંગળ યોજના. અને એ પૂરા દિલથી સ્વીકારવામાં માણસનું કલ્યાણ છે.

- nehalgadhavi101@gmail.com

# વિશ્વના સરદારપ્રેમીઓ, ચાલો, ૧૨ જૂને ઊજવીએ બારડોલી દિવસ



**અતિતની આજ**
ડો. હરિ દેસાઈ

જે લડતે કરમસદના બૅરિસ્ટર વલ્લભભાઈ ઝવેરભાઈ પટેલને સમગ્ર ભારતમાં જ નહીં, દુનિયાભરમાં ''સરદાર'' તરીકે પ્રસ્થાપિત કરી દીધા, એ લગભગ ૮૦ હજાર ખેડૂતોને ન્યાય અપાવવા માટેની લડત એટલે બારડોલી સત્યાગ્રહ. ૧૯૨૩માં નાગપુરના ઝંડા સત્યાગ્રહ અને ૧૯૨૩-૨૪ના બોરસદ સત્યાગ્રહમાં વલ્લભભાઈ પટેલને સફળતા મળ્યા પછી અંગ્રેજ સરકારને નમાવવાના સંજોગો શક્ય બન્યા એ આ બારડોલી સત્યાગ્રહ. ૧૨ ફેબ્રુઆરી ૧૯૨૮ના રોજ



મહાત્મા ગાંધીના આ પટ્ટશિષ્ય વલ્લભભાઈએ બારડોલી તાલુકાના ખેડૂતોને માથે ઝીંકાયેલા અન્યાયી જમીન મહેસૂલ વધારા અને 'પઠાણ રાજ'ના અત્યાચાર સામે ખેડૂતો જ નહીં, બારડોલીના આબાલવૃદ્ધને જાન પણ કુરબાન કરવા તૈયાર કરવાના આ સત્યાગ્રહનાં મંડાણ કર્યાં. સ્ત્રી સશક્તિકરણની પણ નવતર જ્યોત વલ્લભભાઈએ જગાવી.

**ધૂમ કમાણી છોડી ગાંધીજીને અનુસર્યા**

લંડનથી બૅરિસ્ટર થઈને આવેલા વલ્લભભાઈએ અમદાવાદમાં ધૂમ કમાણી છોડીને ચંપારણ સત્યાગ્રહ આદરનાર બૅરિસ્ટર મોહનદાસ કરમચંદ ગાંધીનું શિષ્યત્વ સ્વીકાર્યું. ક્યારેક ગાંધીજીની ઠેકડી ઊડાવનાર બૅરિસ્ટર વલ્લભભાઈએ ''આ નોખા માણસ''ના શિષ્ય થવાનું સ્વીકાર્યું. બારિસ્ટરી કપડાં છોડીને ખાદી અપનાવી. અમદાવાદ મ્યુનિસિપાલિટીનું પ્રમુખપદ છોડીને બારડોલી સત્યાગ્રહનું સૂત્ર સંચાલન કર્યું. એમના નેતૃત્વમાં મહાત્મા ગાંધી પણ એક અદના સૈનિક તરીકે કામ કરવા તૈયાર થયા. મોટા ભાઈ બૅરિસ્ટર વિઠ્ઠલભાઈ પટેલ પણ કેન્દ્રીય ધારાસભાના અધ્યક્ષ હોવા છતાં બારડોલી સત્યાગ્રહના ટેકામાં મહિને ૧૦૦૦ રૂપિયાના યોગદાન કરવા ઉપરાંત અંગ્રેજ સરકારને માટે મૂંઝવણ સર્જે એ રીતે સત્યાગ્રહને ટેકો પણ આપતા રહ્યા.

જોકે, બેઉ ખેડૂતપુત્રો વલ્લભભાઈ અને વિઠ્ઠલભાઈ બારડોલીના પાટીદાર, વાણિયા, ખ્રિસ્તી, મુસ્લિમ અને પછાત વર્ગના ખેડૂતોને માથે એકાએક ઝીંકાયેલા મહેસૂલના ૩૫ ટકા જેટલા અન્યાયી વધારા સામે ઝઝૂમવામાં પીછેહઠ નહીં કરવા સંકલ્પબદ્ધ હતા. વાઈસરોય લોર્ડ ઈરવિનના કાને સાચી વાત નાંખવામાં પણ વિઠ્ઠલભાઈ અગ્રેસર રહ્યા. ખેડામાં પૂર આવ્યાં ત્યારે વલ્લભભાઈએ રાહતનાં કાર્યો કરીને પ્રજાને કરેલી મદદથી વાઈસરોય પણ વાકેફ હતા. જોકે, સત્તા અને એમાંય પાછી વિદેશી સત્તા થકી સામાન્ય જનતાની સમસ્યાઓ ઉકેલવામાં વિલંબ થતો હોય છે. છેક ફેબ્રુઆરીથી લઈને ઓગસ્ટ લગી એટલે કે છ-છ મહિના સુધી સરદાર પટેલના નેતૃત્વમાં બારડોલી સત્યાગ્રહના આ જંગ અહિંસક ધોરણ ચાલ્યો અને સફળ પણ થયો. એ ઐતિહાસિક બની રહ્યો.

- વલ્લભભાઈએ અમદાવાદ મ્યુનિસિપાલિટીના પ્રમુખપદને છોડીને સત્યાગ્રહમાં ઝંપલાવ્યું
- મકોટી ગામનાં ભીખીબહેને સૌપ્રથમ કહ્યું, 'વલ્લભભાઈ, આજથી તમે અમારા સરદાર.'
- સરદાર પોતાની ગામઠી શૈલીમાં એવાં ભાષણ કરતા હતા કે મડદાં પણ બેઠાં થઈ જાય
- દેશભરનો પ્રવાસ કરતા સરદાર પટેલમાં રાજાજીને લોકમાન્ય ટિળકનાં દર્શન થવા લાગ્યાં

**ગાંધીજીના આશીર્વાદ સાથે શ્રીગણેશ**

બારડોલી વિસ્તારના પટેલબંધુ કલ્યાણજી મહેતા અને કુંવરજી મહેતા જ નહીં, સ્થાનિક ધારાસભ્યો પણ બહેરી અંગ્રેજ સરકારના કાને ખેડૂત સમાજને કરાતા અન્યાયની વાત પહોંચાડીને ન્યાય મેળવવા માટે ખૂબ ઉધામા માર્યા. સફળ ના થયા. જાન્યુઆરી ૧૯૨૮માં આવી પડેલી મહેસૂલ કર વધારાની આફત સામે લડવામાં બૅરિસ્ટર વલ્લભભાઈ પટેલના નેતૃત્વનો સાથ મેળવવા વારંવાર અમદાવાદના ફેરા પણ માર્યા. પણ વલ્લભભાઈ નાણી જોવા માંગતા હતા કે, લડત ચલાવનારા અધવચ્ચે પાણીમાં તો નહીં બેસી જાયને? એમણે એમને અજમાવી જોયા. લડત ઉપાડ્યા પછી એના અંત લગી સાથ નહીં છોડવા કે અંગ્રેજોની કુટિલ રાજનીતિમાં ફસાય નહીં, એ વાતે ટકોરાબંધ ગોઠવણ કરી. બારડોલી જઈ આવીને જાત અભ્યાસ પણ કર્યો. આખરે ફેબ્રુઆરીની શરૂઆતમાં મહાત્મા ગાંધી સાથે બારડોલીના ખેડૂત કાર્યકરો સાથે વલ્લભભાઈએ મુલાકાત કરાવી. વલ્લભભાઈને વાત ન્યાયોચિત લાગે તો ગાંધીજીને એ મંજૂર જ હોય. એમણે કહ્યું : ''કરો કંકુના, વિજય તમારે પક્ષે છે.''

બસ, પછી તો ૧૨ ફેબ્રુઆરી ૧૯૨૮થી બારડોલી સત્યાગ્રહ શરૂ થયો. એ પહેલાં સરદાર પટેલે સત્તાવાળાઓ સાથે પત્રવ્યવહાર કર્યો તો ખરો, પણ એમનો ઉત્તર પોતાનો કક્કો સાચો કરવા જેવો જ હતો. એટલે સત્યાગ્રહ આરંભાયો. દોમદોમ સાહ્યબીમાં જીવતા બૅરિસ્ટર વલ્લભભાઈ પટેલે ગાડામાં કે મોટરમાં બારોડલીનાં ગામડાં ખૂંદવા માંડ્યા. ધૂળિયા રસ્તે પ્રજા સાથે એકાકાર થવા માંડ્યું. પુરુષો અને સ્ત્રીઓને જંગમાં જોડવા માંડ્યા. મહાત્માના અહિંસાના માર્ગની શીખ સૌને આપી.

**સામે પૂર તરતાં 'સરદાર' કહેવાયા**

બારડોલીના સ્વરાજ આશ્રમને મુખ્યાલય બનાવીને વલ્લભભાઈએ સાથીઓને કામકાજની વહેંચણી કરી. પ્રત્યેકને સોંપેલી જવાબદારી પર પોતે નિયમિત નજર રાખતા હતા. સત્યાગ્રહ પત્રિકા મારફત સત્યાગ્રહની ખબર બધાને મળતી રહે એવી વ્યવસ્થા કરી. રાત-દિવસ ગામોમાં સભાઓ અને સંબોધનો ચાલ્યાં. સામે પક્ષે અંગ્રેજ હાકેમો, પોલીસતંત્ર અને એમના મળતિયા તો હતા જ. જોકે, સરદારની વ્યવસ્થા એટલી જડબેસલાક હતી કે કેટલાક વાણિયાઓને ફોડીને મહેસૂલ નહીં ભરવાના સરદારી-સંકલ્પમાં ફાચર મારવાના પ્રયાસ પણ થયા.

જોકે, લોકજાગૃતિ એટલી પ્રબળ હતી કે એ ખેલ પણ નિષ્ફળ રહ્યા. જ્યાં સુધી મહેસૂલની વધારેલી રકમો પાછી ખેંચાય નહીં ત્યાં સુધી કોઈ મહેસૂલ ભરે નહીં એ નક્કી થયું હતું. બ્રિટિશ હકુમતે મહેસૂલ નહીં ભરનારની જમીનો અને ઢોર-ઢાંખર કબજે લેવા માંડ્યાં. જપ્તીના આદેશનો અમલ બજાવવા માટે મુંબઈથી પઠાણોને તેડાવાયા. જોકે, પ્રજાના કરફ્યુ જેવા માહોલ સાથે જ બહારથી કોઈ જપ્તીવાળા કે ગોરા સાહેબો આવે તો ગામનાં છોકરા ઢોલ વગાડે એટલે બધાનાં ઘર બંધ થઈ જાય, રસ્તા વેરાન થઈ જાય અને આવનારાઓના ફેરા ફોગટ જાય. આ સંજોગોમાં પ્રજાનું મનોબળ મજબૂત રાખવા સરદાર પોતાની ગામઠી શૈલીમાં એવાં ભાષણ કરે કે મડદાં પણ બેઠાં થઈ જાય.

નાની પાલસોડ ગામની સભામાં વલ્લભભાઈ, ક. મા. મુનશી, મહાદેવ દેસાઈ, મોહનલાલ પંડ્યા વગેરે હાજર હતા. એ સમય એપ્રિલ ૧૯૨૮નો હતો. મકોટી ગામનાં ભીખીબહેને વલ્લભભાઈનું ફૂલહારથી સ્વાગત કરતાં કહ્યું, ''વલ્લભભાઈ, આજથી તમે અમારા સરદાર.'' બસ, ત્યારથી વલ્લભભાઈ પટેલ ''સરદાર'' તરીકે ઓળખાવા લાગ્યા.જોકે સરદારનું અદભુત જીવનચરિત્ર લખનાર રાજમોહન ગાંધીએ નોંધ્યું છે કે વલ્લભભાઈને સરદાર તરીકે સૌપ્રથમ સરદારનું સંબોધન કર્યું એ માહિતી મળતી નથી,પણ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીમાંથી પીએચ.ડી. કરનાર બારડોલીની કોલેજના પ્રાધ્યાપક મગનભાઈ આઈ. પટેલે પોતાના થિસીસમાં નોંધ્યું છે કે મકોટીનાં ભીખીબહેને સૌપ્રથમ વલ્લભભાઈને સરદાર તરીકે સંબોધ્યા હતા.

**હાઉસ ઓફ કોમન્સમાં સરદાર ઝળક્યા**

અંગ્રેજ હકૂમતના લાટ સાહેબો ઉનાળાની ગરમીમાં બારડોલી

અનુસંધાન પાના નં ૭ પર